# विपश्यना

साधकोनुं मासिक प्रेरणापत्र

बुद्धवर्ष 2563 ❖ माघ पूर्णिमा ❖ 09 फेब्रुआरी 2020 ❖ वर्ष – 20 ❖ अंक – 11 ❖ सळंग अंक - 239

## धम्मवाणी

अत्ता हि अत्तनो नाथो, को हि नाथो परो सिया ।
अत्तना हि सुदन्तेन, नाथं लभति दुल्लभं ।।

વ્યકિત પોતે જ પોતાની માલિક છે, કોઇ અન્ય તેનો માલિક કઇ રીતે હોઇ શકે ? સ્વયંને યોગ્ય રીતે વશમાં કરીને જ વ્યકિત દુર્લભ સ્વામિત્વ પ્રાપ્ત કરી શકે છે.

-ધમ્મપદ

# ધન્ય છે મૈત્રી ભાવના

જયારે જીવનધારા એક મધુર સંગીતની જેમ સર્વથા મનગમતી ઇચ્છા પ્રમાણે ચાલતી હોય, જયારે આપણા સંપર્કમાં આવતી દરેક વ્યક્તિ આપણું મનગમતું બોલતી હોય, મનગમતું કરતી હોય, આપણી બધી જ મનોકામનાઓ સહજ રીતે અને સરળતાથી સંતોષાતી હોય, ચારે બાજુ વસંતઋતુની હરિયાળી જ હરિયાળી હોય, પાનખરનું કયાંય નામ ન હોય ત્યારે શાંત રહેવું ઘણું સહેલું છે, ક્રોધ–કોપથી દૂર રહેવું સરળ છે, હસતા રહેવું ઘણું સહેલું છે. પરંતુ સાચો સાધક તો એ જ છે કે હંમેશાં વિપરીત પરિસ્થિતિઓમાં મનની સમતા જાળવી રાખી શકે.

જયારે જીવનમાં મનગમતું જરા પણ ન થાય, જીવનપથ ખાડા–ટેકરાવાળો જ હોય, ચારે બાજુ કાંટાળી પાનખર જ હોય, હરિયાળીનું નામ–નિશાન ન હોય, જે મળે તે કડવાશભર્યું વર્તન કરે, અકારણ અપમાનિત કરે, બધી ઘટનાઓ અણગમતી જ બને, મનગમતી એક પણ ન બને તો પણ પોતાના મનમાં જરા પણ દ્વેષ–દ્રોહ ન જાગવા દે, ક્રોધ–કોપ ન આવવા દે, અણગમતી ઘટનાઓથી નિષ્પ્રભાવિત રહી, સૌમ્યચિત્ત કરૂણાસભર મૈત્રીના અગાધ જળાશયની માફક પ્રસન્નતાથી લહેરાતું રહે, બહારની પ્રતિકૂળ પરિસ્થિતિઓથી જરાય વિચલિત ન બને, જરા સરખીય દુર્ભાવના ન જાગે તો જ સાચા અર્થમાં પરિપક્વ વિપશ્યી સાધક છે. આપણે આ અવસ્થા સુધી પહોંચવા માટે સતત પ્રયત્નશીલ રહેવાનું છે.

ભગવાને ભિક્ષુઓને આ વાત સમજાવતાં એક ઉદાહરણ આપ્યું : ભૂતકાળમાં શ્રાવસ્તી નગરીમાં વૈદેહિકા નામની એક ગૃહિણી એ વાત માટે ખૂબ લોક–પ્રસિદ્ધ હતી કે તે અત્યંત શાંત–સૌમ્ય સ્વભાવવાળી છે. તેનામાં કલહ–ક્રોધનું નામોનિશાન નથી. કડવી કટુ વાણી એની જીભ પર કદી આવતી નહીં. તેને ત્યાં એક નોકરાણી હતી – નામ તેનું કાલી. ખૂબ જ મહેનતુ, સેવાભાવી, હસમુખી, વિનમ્ર અને વિવેકી. શેઠાણીથી પહેલાં ઊઠીને ઘરનું બધું જ કામકાજ ઝડપભેર કુશળતાપૂર્વક પતાવી દેતી. શેઠાણીને ફરિયાદ માટે કયારેય કોઇ તક ન રહેતી.

ઘર હંમેશાં સાફ, સ્વચ્છ, સજાવેલું રહેતું, મનગમતું ભોજન સમય પર તૈયાર મળતું; ઘરે કોઇ મહેમાન આવે તો તેમની સરભરામાં કંઇ ખામી ન રહેતી. બધું જ મનભાવતું. આનંદ જ આનંદ. આ બધું નોકરાણી કાલીને આભારી. શેઠાણીના હોઠો ઉપર હંમેશાં મંદ–મંદ સ્મિત, મંદ–મંદ હાસ્ય.

શેઠાણીનો પ્રસન્ન સ્વભાવ કાલી રોજ જોતી. બહાર પણ એની ચર્ચા સાંભળતી. એક વાર એના મનમાં વિચાર આવ્યો કે પોતાની શેઠાણીની પરીક્ષા લઇને જુવે શું તે સ્વભાવતઃ સૌમ્ય સ્વભાવવાળી છે કે કાલીની નિર્દોષ સેવાને લીધે આવી છે. બીજે દિવસે જાણી જોઇને કાલી મોડી ઊઠી અને ઘરનું કામકાજ સમયસર ન કરી શકી. શેઠાણીને ઘણું માઠું લાગ્યું. ત્યાર પછીના દિવસે વધુ મોડી ઊઠી તો શેઠાણીનો કકળાટ વધ્યો. તેણે ગુસ્સામાં કાલી પર ગાળો વરસાવી. ત્રીજે દિવસે એથીય વધુ મોડી ઊઠી. હવે તો શેઠાણીથી સહન ન થયું. તેનો પારો ઘણો ઊંચો ગયો. વાત ગાળા–ગાળી પર જ ન અટકી. તે ગુસ્સે થઇ અને બાજુમાં પડેલી કડછી કાલીના માથામાં ફટકારી દીધી. માથામાંથી લોહીની ધાર વહેવા લાગી. શેઠાણીના સૌમ્ય સ્વભાવની પોલ ખૂલી ગઇ. અણગમતા પ્રત્યે ક્રોધ કરવાનો ખરાબ સ્વભાવ મનના મૂળ સુધી ખૂબ સબળ અને મજબૂત હોય છે. પરંતુ મનગમતું થતું રહે તો ઉપર–ઉપરની પ્રસન્નતા તેને ઢાંકી રાખે છે. સ્વભાવ તો અંદરનો બદલવાનો છે. શીખવાનું એ છે કે અણગમતું બને ત્યારે આપણે ક્રોધવિહીન અને શાંત–સુમન–સ્વસ્થ કેમ રહી શકીએ.

એ દિવસોમાં એક ભિક્ષુને ભિક્ષુણી–સંઘ સાથે જરૂરિયાતથી વધુ લગાવ થઇ ગયો હતો. ભિક્ષુણીઓની વિરૂદ્ધ કોઇ એક શબ્દ પણ બોલે તો તે ચિડાઇ જતો હતો એને જ લક્ષ્ય બનાવી ભગવાને એ સમયે સાચી અને ઊંડી સહિષ્ણુતાપૂર્ણ મૈત્રીનો સારગર્ભિત ઉપદેશ આપ્યો. ભગવાને સમજાવ્યું – ''ભિક્ષુઓ, કોઇ વ્યકિત તમારી સાથે સમયાનુકૂળ બોલે કે પ્રતિકૂળ. મૈત્રીભર્યા ચિત્તથી બોલે કે કર્કશ–કટુ, સાર્થક બોલે કે નિરર્થક.

મૈત્રીભર્યા ચિત્તથી બોલે કે દ્રોહપૂર્ણ ચિત્તથી, તમારે તો

દરેક અવસ્થામાં પોતાના ચિત્તને વિકારમુકત રાખવું જોઇએ. ભૂલથી પણ તમારા મુખથી કોઇ દુર્વચન ન નીકળે. ચિત્ત સદા મૈત્રીભાવથી ઓતપ્રોત રહે. જરા પણ દ્વેષ–દુર્ભાવ ન જાગે. પરંતુ એ જ વ્યકિતને આલંબન બનાવી પોતાની મંગલમૈત્રીને અપરિમિત બનાવવાનો અભ્યાસ આરંભ કરી દેવો. આ રીતે એને આપણા કલ્યાણનું કારણ બનાવી લો.''

એ ગૃહત્યાગી, નિર્વાણોન્મુખ ભિક્ષુઓને ઉપમાઓથી ભગવાને સમજાવ્યું –

૧. કોઇ અણસમજુ વ્યકિત હાથમાં કોદાળી–પાવડો લઇને આવે અને કહે કે હું આ વિશાળ પૃથ્વીને ખોદી–ખોદીને સમાપ્ત કરી નાખીશ.

૨. કોઇ અણસમજુ વ્યકિત લાખ, હળદર કે મજીઠનો રંગ બનાવીને લાવે અને કહે કે હું આ સમસ્ત આકાશને આ રંગથી રંગી નાખીશ.

૩. કોઇ અણસમજુ વ્યકિત ઘાસ–કચરો ભેગો કરી આગ લગાવે અને કહે કે આનાથી હું ગંગાના સમગ્ર જળને ગરમ કરી દઇશ.

૪. કોઇ અણસમજુ વ્યકિત કોમળ મુલાયમ વાળવાળી બિલાડીના શરીરને ખરબચડી લાકડીથી ઘસે અને કહે કે હું આ વાળને ખરબચડા બનાવી દઇશ.

તો આ બધા નિષ્ફળ જ જશે. એ જ રીતે કોઇ તમારી સમતા ભંગ કરવા ઇચ્છે, તમને ક્રોધિત કરવા ઇચ્છે તો ભલે હજાર પ્રયત્ન કરે, પરંતુ જો તમારી મૈત્રી સબળ હશે તો તે નિષ્ફળ જ જશે. પૃથ્વી વિશાળ છે. કોઇની કોદાળીથી ખોદવામાં આવતાં પૃથ્વી નષ્ટ થવાની નથી. આકાશ અનંત છે. કોઇના રંગોથી રંગી શકાય તેમ નથી. ગંગા વિશાળ છે. કોઇ ઘાસ–કચરાની આગથી તપાવી શકાય તેમ નથી. બિલાડીના રૂવાં સ્વભાવથી જ કોમળ છે. કોઇ ખરબચડી લાકડીથી રગડવાથી ખરબચડાં બની જવાનાં નથી.

આ રીતે કોઇ ભિક્ષુની મૈત્રી અનંત–અપરિમિત હોય અને એ તેનો સ્વભાવ બની જાય તો કોઇ વ્યકિતના સીમિત પ્રયત્નો વડે નાશ પામવાની નથી. એટલે ભિક્ષુઓએ પોતાનું મૈત્રી–બળ અપરિમિત કરી લેવું જોઇએ. એટલે સુધી કે જો કોઇ બે દુષ્ટ દુર્જન બંને બાજુ હાથવાળા કરવતને પકડીને ભિક્ષુના શરીરનું કોઇ અંગ પણ કાપે તોયે તેઓ તરફ દ્વેષ ન જાગે.

મૈત્રી જ મૈત્રી જાગે તો જ શિક્ષાના પાલનની સફળતા છે. આથી, પોતાનું મૈત્રી–બળ અપરિમિત કરો. અનેક ભિક્ષુઓ એવા હતા કે જે ભગવાનના આદેશને માથે ચઢાવી ગંભીરતાપૂર્વક એનું પાલન કરવા લાગતા હતા. ઉદાહરણ તરીકે એક વાર ભગવાને કહ્યું કે તેઓ એકાસન ભોજનસેવી છે એટલે કે ચોવીસ કલાકમાં ફકત એક જ વાર ભોજન કરે છે, તેથી એમનું સ્વાસ્થ્ય સારું રહે છે. તેઓ નીરોગી રહે છે; તેમની સ્ફૂર્તિ અને બળ વધે છે અને શારીરિક સુખ પણ. આ સાંભળીને અનેક ભિક્ષુઓ એકાસન ભોજનસેવી બન્યા. જો કે ભિક્ષુ વિનયના નિયમો અનુસાર માત્ર વિકાલ ભોજન એટલે કે મધ્યાહ્ન પછીના ભોજનથી દૂર રહેવું પર્યાપ્ત હતું. એ જ રીતે આ સબળ મૈત્રી–ભાવનાના વિકાસમાં અનેક ભિક્ષુઓ લાગી ગયા. એક ઉજ્જવળ ઉદાહરણ :

સૂનાપરાંતના સુપ્પારકપત્તન (બંદર)નો રહેવાસી 'પૂર્ણ' નામનો વેપારી વેપાર અર્થે શ્રાવસ્તી ગયો. ત્યાં ભગવાનના સંપર્કમાં આવ્યો તો ધર્મના સંપર્કમાં આવ્યો. ખૂબ વૈરાગ્ય જાગ્યો અને ત્યાં જ પ્રવ્રજયા લઇ ભિક્ષુસંઘમાં જોડાઇ ગયો. તે ભગવાનના ઉપદેશોનું દૃઢતાપૂર્વક પાલન કરવાવાળો હતો. થોડા સમય પછી સ્વદેશ પાછા જવાનું મન થયું તો ભગવાનની આજ્ઞા લેવા ગયો. ભગવાને પૂછ્યું, ''સૂનાપરાંત રાજયના લોકો બહુ કઠોર છે. ઉગ્ર સ્વભાવવાળા છે. તેઓ તારા પર ક્રોધ કરશે; તને કડવાં વેણ કહેશે, તો તને કેવું લાગશે, પૂર્ણ ?''

મને સારું જ લાગશે, ભગવાન ! મારા મનમાં આ જ ભાવ જાગશે કે સૂનાપરાંતના લોકો ઘણા સભ્ય છે, સુભદ્ર છે, ખૂબ ભલા છે. મારા પર નારાજ થતાં ફકત થોડાં કડવા વેણ કહીને આક્રોશ પ્રગટ કરે છે, મને હાથથી તો નથી મારતા.''

''જો તેઓ તને હાથથી મારે તો કેવું લાગશે, પૂર્ણ ?''

''સારું જ લાગશે, ભગવાન ! મારા મનમાં એ જ ભાવ જાગશે કે આ કેટલા ભદ્ર છે, સુભદ્ર છે, કેટલા ભલા છે. ફકત હાથથી જ મારીને રહી ગયા. પથ્થરથી તો નથી માર્યો.''

''અને જો તેઓ પથ્થરથી મારે તો કેવું લાગશે, પૂર્ણ ?''

''સારું જ લાગશે, ભગવાન ! મારા મનમાં એ જ ભાવ જાગશે કે કેટલા ભલા છે, કેટલા ભદ્ર અને સુભદ્ર છે આ લોકો ! ફકત પથ્થરથી મારીને રહી ગયા. ડંડાથી તો નથી મારતા મને. ખરેખર ભલા છે.''

''અને જો ડંડાથી મારે તો કેવું લાગશે, પૂર્ણ ?''

'' સારું જ લાગશે, ભગવાન ! મારા મનમાં તો એ જ ભાવ જાગશે કે કેટલા ભદ્ર છે, સુભદ્ર છે, કેટલા ભલા છે અહીંના લોકો ! કેવળ ડંડાથી મારીને રહી ગયા. શસ્ત્રથી તો નથી મારતા મને. ખરેખર ખૂબ જ ભલા છે.''

''અને જો શસ્ત્રથી મારે તો કેવું લાગશે, પૂર્ણ ?''

''સારું જ લાગશે, ભગવાન ! મનમાં એ જ ભાવ જાગશે કે કેટલા ભદ્ર છે, સુભદ્ર છે અહીંના લોકો ! કેટલા ભલા છે ! સામાન્ય શસ્ત્રથી મારીને ઘાયલ જ કર્યો. કોઇ તીક્ષ્ણ હથિયારથી મારીને મારા પ્રાણ તો નથી હરી લીધા.''

''અને જો તેઓ તને તીક્ષ્ણ હથિયારથી મારી નાખે તો કેવું લાગશે, પૂર્ણ ?''

''સારું જ લાગશે, ભગવાન ! કેટલાક લોકો એવા પણ હોય છે જેઓ દુઃખમય જીંદગીથી કંટાળીને મરવા માટે કોઇ હથિયારધારી હત્યારાને શોધે છે. જયારે મને આ હથિયારધારી હત્યારાઓ વગર શોધ્યે મળી ગયા. કેટલા ભલા છે અહીંના લોકો.''

"સાધુ ! સાધુ ! સાધુ !" ભગવાને અનુમોદન આપીને કહ્યું, "પૂર્ણ, તું એવા ધર્મમય ચિત્તથી તારી માતૃભૂમિમાં સફળતાપૂર્વક નિવાસ કરી શકીશ અને ધર્મસેવા કરી શકીશ."

આમ ભગવાનના આશીર્વાદ લઇને ભિક્ષુ પૂર્ણ સ્વદેશ પાછો ફર્યો અને પાછા ફરતાં ભગવાન પાસેથી જે સાધના-વિધિ શીખી હતી તેનો અભ્યાસ કરતાં કરતાં પ્રથમ જ વર્ષાવાસમાં તેણે અરહંત અવસ્થા પ્રાપ્ત કરી લીધી. પ્રથમ વર્ષાવાસમાં જ એ પ્રદેશના એક હજાર સ્ત્રી-પુરુષોને શુદ્ધ ધર્મમાં પ્રસ્થાપિત કરી દીધા. ત્યાર પછી એમની સંખ્યા રોજેરોજ વધતી ગઇ અનેક લોકોને ધર્મ-લાભ મળ્યો.

ભગવાનના પ્રશિક્ષણ અનુસાર પ્રસ્થાપિત ભિક્ષુ પૂર્ણે અસીમ મૈત્રી બળથી એ પ્રદેશમાં જે શુદ્ધ ધર્મનું બીજ વાવ્યું તે સમય જતાં ખૂબ ફાલ્યું, ખૂબ ફૂલ્યું, ખૂબ ફળ્યું. હાલના મહારાટ્રનો સમગ્ર ઉત્તરીય તથા પૂર્વી પ્રદેશ અરહંત પૂર્ણની ધર્મ-સેવાના કારણે શુદ્ધ ધર્મની પાવન ગંગાથી લહેરાઇ ઊઠયો. મૈત્રીબળથી કઠોર સ્વભાવવાળા લોકો મૃદુ સ્વભાવવાળા થઇ ગયા. આ પ્રદેશમાં સ્થળે-સ્થળે કઠોર ખડકોમાં કોરેલી ધ્યાન ગુફાઓ મૈત્રીસભર અરહંત પૂર્ણ અને એના યોગ્ય શિષ્યો-પ્રશિષ્યોની અપૂર્વ સફળતાની આજે પણ મધુર યાદ અપાવે છે; ત્યાંની પાવન લહેરો તેમની ગૌરવગાથાઓ ગાય છે. ધન્ય છે મંગલમયી મૈત્રી-ભાવના ! ધન્ય છે મૈત્રી-ભાવનાથી પરિપૂર્ણ પૂર્ણ !!

**-કલ્યાણમિત્ર સત્યનારાયણ ગોયન્કા**
**-"જાગે પાવન પ્રેરણા" પુસ્તકમાંથી સાભાર**

## ધમ્મનર્મદા કેન્દ્ર નિર્માણકાર્ય

દક્ષિણ ગુજરાતમાં નર્મદા નદીકિનારે ભરૂચ અને અંકલેશ્વરની નજીક ધમ્મનર્મદા વિપશ્યના સાધના કેન્દ્ર શરૂ થવા જઇ રહ્યું છે.

"ધમ્મનર્મદા કેન્દ્ર" માટે ભૂમિસંપાદનનું કાર્ય થઇ ગયું છે. કુદરતી વાતાવરણમાં ધર્મના શક્તિશાળી તરંગોવાળી આ ભૂમિ પર લગભગ ૧૨૫ સાધકો માટેનું કેન્દ્ર બનાવવાનું આયોજન છે. કુલ અંદાજિત વ્યય રૂા. ૨૦ કરોડની અંદર થશે. સહુ સાધક ભાઇ-બહેન પાસે દાનની પુણ્યપારમી એકત્ર કરવાની એક અમૂલ્ય તક આવી છે. "સબ્બ દાનં ધમ્મદાનં જિનાતી".

તપોભૂમિ માટે આપેલ દાન સર્વોચ્ચ દાન છે, કારણ કે પેઢીઓ સુધી શુદ્ધ ધર્મ ફેલાવવાના કાર્યમાં આ તપોભૂમિ અવિરતપણે કાર્યરત રહેશે.

જો આપ ધમ્મનર્મદા માટે દાન આપવા ઇચ્છુક હો તો નીચેની વિગતે ચેક/ડી.ડી./ઓનલાઇન ટ્રાન્સફર દ્વારા કરી શકો છો.

| | |
|---|---|
| **ખાતાનું નામ :** | **ધમ્મનર્મદા વિપશ્યના કેન્દ્ર** |
| **બેંક :** | BANK OF BARODA |
| **શાખા :** | ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ બ્રાન્ચ |
| **ખાતાનંબર :** | ૦૯૯૧૦૧૦૦૦૨૩૦૪૯ |
| **IFSC કોડ :** | BARBOINDBRO |
| **MICR કોડ :** | ૩૯૨૦૧૨૦૦૩ |

## વિપશ્યના ગુજરાતી પત્રિકા હવે e - સ્વરૂપમાં

**અગાઉ જણાવ્યા અનુસાર હવે જુલાઇ, ૨૦૨૦ થી વિપશ્યના ગુજરાતી પત્રિકાનું કાગળ પર મુદ્રણ બંધ કરવામાં આવશે. હાર્ડ કોપીના બદલે તે કેવળ સોફ્ટ કોપીના માધ્યમથી પ્રકાશિત કરાશે.**

**નવેમ્બર ૨૦૧૯ થી જૂન ૨૦૨૦ સુધી પત્રિકા બંને સ્વરૂપે ઉપલબ્ધ કરાશે. આપ બને તેટલું જલદી આપનું મેઇલ આઇડી અથવા વોટ્સએપ નંબર વિપશ્યના કાર્યાલયને મો. ૭૮૭૮૭ ૨૭૨૨૩ પર પહોંચાડશો, જેથી આપને પત્રિકા કોઇ વિક્ષેપ વિના લગાતાર મળતી રહે.**

## ધમ્મકોટ નવા કેન્દ્રનું નિર્માણ

વર્તમાન ધમ્મકોટ કેન્દ્રની જગ્યા કેટલાય સમયથી ઓછી પડતી હોવાથી હાલમાં જ રંગપર ગામ ખાતે ૨૧ એકરની વિશાળ જગ્યામાં નવા કેન્દ્ર અને સંલગ્ન આવશ્યક સુવિધાઓનું નિર્માણ કરવાનું આયોજિત છે.

**નવા ધમ્મકોટ કેન્દ્રની વિશેષતાઓ નીચે મુજબ હશે :**

| | |
|---|---|
| ૧. સાધક-સાધિકાઓ માટે આવાસ | ૨૮૦ રૂમ |
| ૨. ધમ્મહોલ મોટા | ૩ |
| ૩. ધમ્મહોલ નાના | ૬ |
| ૪. શૂન્યાગાર | ૨૮૦ |
| ૫. ડાઇનિંગ હોલ | ૨ |
| ૬. આચાર્ય નિવાસ | ૮ |
| ૭. કાર્યાલય-ઓફિસ | ૧ |
| ૮. અતિથિ કક્ષ-ગેસ્ટ હાઉસ | ૬ |
| ૯. સ્ટાફ કવાર્ટર | ૧૦ |

**પ્રથમ ચરણમાં કરવામાં આવનાર કામોની વિગત નીચે મુજબ છે.**

| | |
|---|---|
| ૧. સાધક-સાધિકાઓ માટે આવાસ | ૧૦૦ રૂમ |
| ૨. ધમ્મહોલ | ૧ |
| ૩. શૂન્યાગાર | ૧૨૦ |
| ૪. ડાઇનિંગ હોલ | ૧ |
| ૫. આચાર્ય નિવાસ | ૪ |
| ૬. કાર્યાલય-ઓફિસ | ૧ |
| ૭. કમ્પાઉન્ડ વોલ | ૬૦૦૦ રનિંગ ફૂટ |

આપ જોઇ શકશો કે આગામી વર્ષોમાં અહીં ધર્મના પ્રસારનું કાર્ય મોટા પાયે થવા જઇ રહ્યું છે. કેટલાયે સાધકો અહીં સાધના કરીને ધર્મ પામશે. આ પુનીત કાર્યમાં, નિર્માણ ખર્ચમાં સહભાગી થઇને આપ પુણ્ય પારમીનું અર્જન કરી શકશો. દાનની રકમ બેંક ખાત જમા કરાવવા માટે બેંક ખાતાની વિગત નીચે આપી છે.

**ખાતાનું નામ :** સૌરાષ્ટ્ર વિપશ્યના રીસર્ચ સેન્ટર
**બેંક :** HDFC LTD. બેંક **શાખા :** યાજ્ઞિક રોડ, રાજકોટ
**ખાતાનંબર :** ૫૦૧૦૦૦૨૬૬૧૩૧૨૮ **ખાતુ :** સેવિંગ એકાઉન્ટ
**IFSC કોડ :** HDFC0000101 **MICR કોડ :** ૩૬૦૨૪૦૦૦૨

# ગુજરાતના વિપશ્યના કેન્દ્ર - ૨૦૧૯-૨૦ શિબિરોની માહિતી

## ધમ્મકોટ

C/o. ભાભા ડાઇનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ-૧. રજિસ્ટ્રેશન – સમય ૧૦ થી ૧ અને ૪:૩૦ થી ૭
**સંપર્ક ::**
Ph.: 0281-2233666,
M : 78 78 72 72 23,
M : 78 78 72 72 40,
M : 93279 23540,
E-mail : dhammakot@gmail.com

04-03 to 15-03-20
18-03 to 29-03-20
01-04 to 12-04-20
15-04 to 26-04-20
29-04 to 10-05-20
13-05 to 24-05-20

**ફક્ત જૂના સાધકો માટે**
**STP**
03-09 to 11-09-20
**3 DAYS**
24-12 to 27-12-20
**1 DAY**
29-03-2020
26-04-2020
24-05-2020

## ધમ્મ અંબિકા

નવસારી-બિલિમોરા થી ૧૫ કિ.મી., N.H. નં.-૮ બોરિયાચ ટોલનાકાથી 2km પશ્ચિમે, **ગામ :** વગલવાડ, તા.: ગણદેવી. **સંપર્ક :**
Mo : 99090 38250
Mo : 95865 82660,
94281 60714,
98250 44536. E-mail : info@ambika.dhamma.org

13-03 to 24-03-20
26-03 to 06-04-20
15-05 to 26-05-20
27-05 to 07-06-20

**ફક્ત જૂના સાધકો માટે**
**STP**
31-08 to 08-09-20
**10-DAY SPL.**
10-09 to 21-09-20
**3 DAYS**
05-03 to 08-03-20
09-04 to 12-04-20
**Teen. Girls**
15-04 to 23-04-20
**Teen. Boys**
25-04 to 03-05-20

## ધમ્મસિંધુ-બાડા

**સીટી સંપર્ક :**
C/o. યુનિક આર્કીટેક્ટ, ૨૦૪, આશીર્વાદ કોમ્પલેક્ષ, લાકડા બજાર, માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫
**સંપર્ક :**
Ph.: 02834-237303,
M : 78746 23305
96385 77325
E-mail : info@sindhu.dhamma.org

06-04 to 17-04-20
19-04 to 30-04-20
03-05 to 14-05-20

**ફક્ત જૂના સાધકો માટે**
**STP**
21-04 to 29-04-20
**20 DAYS**
04-03 to 25-03-20
**30 DAYS**
04-03 to 04-04-20
**3 DAYS**
09-04 to 12-04-20
**Teen. Girls**
18-04 to 26-04-20
**Teen. Boys**
07-04 to 15-04-20

## ધમ્મપીઠ

ગુર્જર વિપશ્યના કેન્દ્ર-ધમ્મપીઠ અમદાવાદ રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦
**સંપર્ક :**
M : 89800 01110
M : 94264 19397
E-mail : info@pitha.dhamma.org

04-03 to 15-03-20
18-03 to 29-03-20
01-04 to 12-04-20
15-04 to 26-04-20
10-05 to 21-05-20
27-05 to 07-06-20
10-06 to 21-06-20
24-06 to 05-07-20
08-07 to 19-07-20

**ફક્ત જૂના સાધકો માટે**
**STP**
20-08 to 28-08-20
**3 DAYS**
30-04 to 03-05-20

## ધમ્મ દિવાકર

C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭-અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)-૩૮૪ ૦૦૨.
**સંપર્ક :**
Ph.: 02762-272800,
M : 8840833000
98240 65668
E-mail : info@divakara.dhamma.org

25-03 to 05-04-20
08-04 to 19-04-20
22-04 to 03-05-20

**ફક્ત જૂના સાધકો માટે**
**STP**
14-03 to 22-03-20
**10-DAY SPL.**
12-03 to 23-03-20
**2-DAYS**
02-07 to 04-07-20
**3-DAYS**
05-11 to 08-11-20
**20 DAYS**
22-07 to 12-08-20
**30 DAYS**
22-07 to 22-08-20

## ધમ્મપાલિ

ગામ: ટોડી, સોનગઢ-પાલીતાણા રોડ, જી. ભાવનગર.
**સંપર્ક :: ધમ્મપાલી કેન્દ્ર :**
M : 7878103636
M : 97149 11913
M : 97149 10913
**સિટી ઓફીસ :**
Ph. 0278 - 2521066,
M : 88 66 71 3636
E-mail : dhammapali15@gmail.com

04-03 to 15-03
25-03 to 05-04
15-04 to 26-04

**ફક્ત જૂના સાધકો માટે**
**STP**-13-6 to 21-6-20
**1 DAY** - 01-03-2020

## ધર્મજ

હેમંતભાઈ પટેલ સંપર્ક :
Ph.: 02697- 245460, 245302
M : 94265 00765.
દિપકભાઇ સંપર્ક : M.94289 00794
Time 10.00am to 5.30 pm
E-mail : vipassana.dharmaj@gmail.Com

05-05 to 16-05-20
10-07 to 21-07-20
11-09 to 22-09-20
**3 Days**-27-3 to 30-3-20
**1 DAY**- 03-05-2020

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ પાસપોર્ટ સાઇઝ ફોટો અને ફોટો આઇડી (ફોટો ઓળખપત્ર) લાવવું ફરજીયાત છે.**

## દોહા ધરમના

ચાર સત્ય હૈ જગત કે, ઇનસે મુખ મત મોડ ।
યહી માર્ગ હૈ મુક્તિ કા, આશ પરાયી છોડ ॥

આઠ અંગ હૈ ધરમ કે, દૂર કરેં ભવ – વ્યાધિ ।
તીન ભાગ મેં બટ રહે, પ્રજ્ઞા શીલ સમાધિ ॥

દુઃખ-મૂલ ઉત્ખનન કી, પાયી જિસને રાહ ।
વહી હુઆ સુખ-શાંતિ કા, સચ્ચા શાહન્શાહ ॥

## દોહા ધરમના

કોરે બુદ્ધિ-વિલાસ સે, હોય નહીં કલ્યાણ ।
આર્ય-પંથ હી ગ્રાહ્ય હૈ, ભલે કહીં સે પાય ॥

ના ગૌતમ સે રાગ હૈ, દ્વેષ કૃષ્ણ સે નાય ।
પ્રજ્ઞા-પથ હી ગ્રાહ્ય હૈ, ભલે કહીં સે પાય ॥

મિથ્યા માયા ત્યાગ કર, પરમ સત્ય કી ઓર ।
કદમ ચલતે રહેં, બઢેં લક્ષ્ય કી ઓર ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઇ.ડી.સી., રાજકોટ-૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ચેક અથવા રોકડેથી મોકલી શકાશે. રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 9 ફેબ્રુઆરી 2020** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013.**
**Postal Reg. No. RAJKOT/450/2018-20**
**(Renewed upto 31.12.2020)**

**Weighs less than 30 gms**
Posting day-25th of every month, Posted at Rajkot RMS - 360 001.

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર** (પત્રિકા વિભાગ)
ભાભા ડાઇનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23
**E-mail :** info@kota.dhamma.org
**Web site :** www.kota.dhamma.org